**Capital World Pg 5, 23rd March 2022**

# બિટકોઈનમાં તેજી યથાવત: ભાવ પાંચ ટકા વધી ૪૩ હજાર ડોલર

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૪.૯૨ ટકાનો ઉછાળો



**કેપિટલ સંવાદદાતા તા.૨૨**

વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અને આર્થિક પરિસ્થિતિ પ્રવાહી રહેવા છતાં રોકાણકારોએ ક્રીપ્ટોકરન્સીની ખરીદીમાં રસ લેતાં બિટકોઈન થોડા સમય પૂરતો લગભગ ત્રણ સપ્તાહની ટોચે ૪૩,૦૦૦ ડોલરની ઉપર જઈ આવ્યો હતો.

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું છે કે જો રશિયાનું સૈન્ય યુક્રેનમાંથી પાછું ખેંચી લેવાશે અને યુક્રેનની સલામતીની બાંયધરી આપવામાં આવશે તો તેઓ યુક્રેનને નાટોનું સભ્ય બનાવવા માટેની માગણી છોડી દેવા તૈયાર છે.

દરમિયાન, ક્રૂડ ઓઈલનો ભાવ ફરી એક વખત વધીને પ્રતિ બેરલ ૧૨૦ ડોલરની નજીક પહોંચ્યો છે.

ક્રીપ્ટોકરન્સીમાં અચાનક તેજી આવતાં અનેક રોકાણકારોએ ઉંઘતા ઝડપાયા હતા અને મંદીવાળાઓએ શોર્ટ પોઝિશન સુલટાવી દેવી પડી હતી. ચોવીસ કલાકના ગાળામાં બિટકોઈનમાં આશરે ૩ ટકા વૃદ્ધિ થઈને ભાવ ૪૨,૪૦૦ ડોલરની નજીક પહોંચ્યો હતો. ઈથેરિયમ પણ ૪ ટકા વૃદ્ધિ સાથે ૩,૦૦૦ ડોલરની ઉપર ગયો હતો.

ઓલ્ટરનેટિવ ક્રીપ્ટોકરન્સીમાંથી રિપલ, કાર્ડાનો અને અલગોરાન્ડમાં પણ નોંધનીય વૃદ્ધિ થઈ હતી.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૪.૯૨ ટકા (૨૯૧૭ પોઈન્ટ) વધીને ૬૨૬૦૦.૩૮ પોઈન્ટ બંધ રહ્યો હતો